# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૬ અંક : ૦૫૬ તા. ૦૬-૧૧-૨૦૧૯ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

**તદ્દન ફ્રી**

staffavailable.com





# સારા પરિણામોનો ટ્રેન્ડને કારણે સેન્ટીમેન્ટ બુલીશ

દિવાળી અંકમાં દર્શાવ્યું તે મુજબ મુહૂર્તના સોદામાં અને તે પછીના ટ્રેડિંગ સેશન દરમ્યાન સેન્સેક્ષ અને નિફ્ટીમાં ખૂબ સુંદર ઉછાળો જોવાયો અને ફરી એક વખત સેન્સેક્ષે ૪૦૦૦૦નું લેવલ પસાર કરી નાખ્યું છે અને હવે નિફ્ટીમાં ૧૨૦૦૦નું લેવલ ક્યારે કૂદાવાય છે તેની રાહ જોવાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ પોઝિટિવ સમાચારો સતત આવી રહ્યા છે અને ગણતરીના દિવસોમાં જ અમેરિકન પ્રમુખ અને ચીનના વડા ટેરિફ અંગે કરાર ઉપર સહીસિક્કા કરશે. અને અમેરિકન પ્રમુખના દર્શાવ્યા મુજબ આ કરારમાં લગભગ ૬૦ ટકા વિવાદને આવરી લેવામાં આવ્યો છે. બંને પ્રમુખો ક્યાં ભેગા થાય છે અને ક્યારે સહીસિક્કા થશે તે હજી નક્કી નથી થયું એક વખત સ્થળ નક્કી થયું હતું પરંતુ તેમાં કેટલાક કારણોસર હવે ફેરફાર કરવામાં આવ્યો છે. તેમ છતાં નવેમ્બર મધ્ય સુધીમાં જ આ કરાર થઈ જવાની ગણતરી છે અને તે પછી શેરબજારમાં વધારે મજબૂતીથી ઉછાળો જોવાશે.

સામે પક્ષે અમેરિકન અર્થતંત્રમાંથી પોઝિટિવ આંકડાનો પ્રવાહ જળવાઈ રહ્યો છે અને ત્રીજું ક્વાર્ટર એટલે કે જુલાઈથી સપ્ટેમ્બરના ક્વાર્ટર દરમ્યાન અર્થશાસ્ત્રીઓને અમેરિકન જીડીપીમાં ૧.૬ ટકા વૃદ્ધિની અપેક્ષા હતી અને તેની સરખામણીમાં જીડીપીમાં ૧.૯ ટકાનો મજબૂત ઉછાળો જોવાયો છે અને આ વખતે અમેરિકન અર્થતંત્રનો ઉછાળો વધારે વિસ્તૃત પાયા ઉપર છે.

સામે પક્ષે રોજગારીના આંકડા પણ ખૂબ જ પ્રોત્સાહક આવ્યા છે અને ઓક્ટોબર મહિના દરમ્યાન અર્થશાસ્ત્રીઓને અપેક્ષા હતી કે એક લાખ નવી રોજગારીઓ ઊભી થશે અને

> **ગણતરીના દિવસોમાં જ અમેરિકન પ્રમુખ અને ચીનના વડા ટેરિફ અંગે કરાર ઉપર સહીસિક્કા કરશે**

તેને બદલે ૧.૨૫ લાખ નવી રોજગારીઓ અમેરિકામાં ઊભી થઈ છે અને બેરોજગારીનું લેવલ ઘણા જ નીચા લેવલે અનેક મહિનાઓથી ચાલી રહ્યું છે. અર્થશાસ્ત્રીઓને અપેક્ષા હતી કે બેરોજગારીના દાવા ૨૧૫૦૦૦ આવશે જેની સામે ૨૧૨૦૦૦ લોકોએ જ બેરોજગારીના દાવા માટે અરજી કરી છે. આ ઉપરાંત ડ્યુરેબલ ગુડ્ઝના ઓર્ડરો ૦.૮ ટકા ઘટશે તેવો અંદાજ હતો અને તેની સરખામણીમાં તેમાં ૧.૧ ટકાનો ઘટાડો થયો છે અને આ પાસું થોડુંક નકારાત્મક છે તેમ છતાં અન્ય પાસાઓ એકદમ પોઝિટિવ હોવાને કારણે વિશ્વભરના શેરબજારોમાં તેની તેજીમય અસર જોવાઈ.

ગયા અઠવાડિયે આપણે ત્યાં દિવાળીના તહેવાર હતા ત્યારે અમેરિકામાં ફેડરલ રિઝર્વની મીટીંગ મળી હતી અને તેમાં અપેક્ષા મુજબ વ્યાજદરમાં ઘટાડો કરાયો. ફેડરલ રિઝર્વ દ્વારા ચાલુ વર્ષમાં ત્રીજી વખત ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરાયો છે તેમ છતાં હવે ચોથી વખત ઘટાડો થાય તે સંભાવના નથી કારણ કે ફેડરલ રિઝર્વ દ્વારા થોડીક રાહ જોવો તેવો આડકતરો સંકેત આપ્યો છે.

સામે પક્ષે બ્રેકસિટના મુદ્દા ઉપર બ્રિટનના વડાપ્રધાનને તેમની સંસદ તરફથી કોઈ સપોર્ટ નથી મળ્યો અને તેથી બ્રિટનના વડાપ્રધઆનને યૂરોઝોન દ્વારા સમય લંબાવી આપવામાં આવ્યો છે અને હવે આગામી મહિનામાં બ્રિટનમાં ફરી વખત ચૂંટણી થાય અને તે પછી બ્રેકસિટ અંગે ફાઈનલ નિર્ણય લેવામાં આવે તેવી ગણતરી છે.

બીજી તરફ ભારતમાં કંપનીઓના પરિણામો અપેક્ષા કરતા ઘણા જ સારા આવ્યા છે. બેંકિંગ સેક્ટરમાં મોટા એનપીએના ભય વચ્ચે લગભગ તમામ બેંકોના આંકડા એનાલિસ્ટોની અપેક્ષા કરતા વધારે સારા આવ્યા. એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, આરબીએલ બેંક, આઈડીએફસી ફર્સ્ટ બેંક અને સરકારી બેંકોના પરિણામો પણ ઘણા જ સારા આવી રહ્યા છે અને મુખ્યત્વે સ્ટેટ બેંકના આંકડા એનાલિસ્ટોની અપેક્ષા કરતા વધારે સારા આવ્યા.

તેવી જ રીતે મેન્યુફેક્ચરીંગ સેક્ટરના આંકડા પણ અપેક્ષા કરતા વધારે સારા આવ્યા છે. સિમેન્ટ કંપનીઓ, કેમિકલ્સ કંપનીઓના નફામાં ઘટાડાનો જે ભય હતો તેવા આંકડા નથી આવ્યા. આમ સેન્ટીમેન્ટ સારા પરિણામોનો ટ્રેન્ડને કારણે બુલીશ છે અને નવા વર્ષમાં નાણામંત્રી દ્વારા વ્યક્તિગત આવકવેરા અંગે મહત્ત્વની જાહેરાત આવે તે સંભાવના જોવાય છે અને રાજ્યોની ચૂંટણીઓ પણ પૂરી થઈ હોવાથી હવે અર્થતંત્ર માટે જાહેરાતો આવશે અને ખાસ કરીને ડિસઈન્વેસ્ટમેન્ટની જાહેરાત આવશે તે આશાવાદ વધ્યો છે.

ચોમાસું ઘણું જ સંતોષકારક રહ્યું તેમ છતાં હજી પણ કમોસમી વરસાદ ચાલું છે અને તેને કારણે અમુક અંશે પાક-પાણીને નુકસાન થઈ શકશે. તેમ છતાં સિઝન દરમ્યાન જે રીતનો વરસાદ થયો છે તેને કારણે ૧૨૦ ટકા જેટલો ઉતારો આવવાની ગણતરી હતી અને હવે કમોસમી વરસાદ પછી તેમાં થોડો ઘટાડો થાય તો પણ કૃષિ ઉત્પાદન એકદમ બમ્પર રહેશે.

સામે પક્ષે રવી સિઝનમાં પણ જળાશયો ભરપૂર હોવાથી કૃષિ ઉત્પાદન જોરદાર આવવાની ગણતરી છે. અને તેને કારણે પણ સેન્ટીમેન્ટ સુધારો દર્શાવે છે. આમ કંપનીઓના સારા પરિણામ પછી અને એફઆઈઆઈની જોરદાર લેવાલી પછી વધી હોવાથી એકંદરે સેન્સેક્ષ-નિફ્ટી નવા અઠવાડિયામાં મજબૂત વૃદ્ધિદર જાળવી રાખે તેવી ગણતરી છે. પરંતુ આ વખતનો ઉછાળો મુખ્યત્વે બેંક શેરો ઉપર રહેશે તે સંભાવના મજબૂત છે અને તેથી તે શેરો ઉપર અને બેંક નિફ્ટી ઉપર ફોકસ વધારી શકાય.

દેશની સૌથી મોટી બેંક **સ્ટેટ બેંક** દ્વારા ગયા અઠવાડિયે નફામાં મજબૂત ઉછાળો દર્શાવાયો. અને તેની એનપીએમાં પણ હવે થોડો સુધારો જોવાયો છે. અને આ ટ્રેન્ડને કારણે રૂા. ૩૧૨ના ભાવ ઉપર આવી ગયેલા સ્ટેટ બેંકના શેરમાં આગામી દિવસોમાં ધીરે ધીરે રૂા. ૩૫૦નો ભાવ આવી જાય તે સંભાવના મજબૂત છે.

**આઈસીઆઈસીઆઈ બેંક**માં નુકસાનનો ભય ચાલુ રહ્યો છે પરંતુ તેમાં એનપીએમાં કોઈ નવો વધારો નથી અને દબાણ હેઠળની અસ્ક્યામતોમાં પણ થોડો ઘટાડો દેખાય છે અને આ ટ્રેન્ડ પછી આઈસીઆઈસીઆઈ બેંકમાં આકર્ષણ વધી રહ્યું છે. અત્યારે રૂા. ૪૬૩ ઉપર આવી ગયેલા આ શેરમાં નવા વર્ષમાં થોડું વેલ્યૂઅનલોકીંગ જોવા મળે તે સંભાવના મજબૂત છે અને તેથી રૂા. ૪૬૩ના ભાવે આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં






રોકાણ ત્રણથી છ મહિનાના એન્ગલથી કરી દેવાય અને આ શેર સુધારા સાથે રૂા. ૫૦૦નું લેવલ ટચ કરી નાખશે તેવી ગણતરી છે.

અત્યારે અન્ય બેંક શેરો ઝડપથી દોડી રહ્યા હોવાથી **એચડીએફસી બેંક**નો શેર થોડોક આરામ ફરમાવી રહ્યો છે અને અત્યારના રૂા. ૧૨૩૦વાળા આ શેરમાં પરિણામોનો જોરદાર સપોર્ટ હોવા છતાં એકદમ ધીમો સુધારો જોવા મળવાની ગણતરી છે. એચડીએફસી બેંકમાં અત્યારે શોર્ટસેલ ન કરાય કારણ કે પરિણામનો જે રીતનો સપોર્ટ છે તે જોતા આ શેર એકદમ કૂદકો મારીને રૂા. ૧૨૮૦ ક્યારે પહોંચી જાય તે પણ ખબર નહિ પડે અને મધ્યમગાળે આ શેરમાં રૂા. ૧૫૦૦ના ભાવનું લક્ષ્યાંક ચાણક્યની યુ-ટ્યૂબ ચેનલ ઉપર લાઈવ એનાલિસીસમાં અમે દર્શાવ્યું છે.

**કોટક બેંક**માં પણ પરિણામોનો જોરદાર સપોર્ટ છે તેમ છતાં છેલ્લા કેટલાક સમયથી કોટક બેંકમાં નબળાઈ અને પ્રોફિટ બુકીંગ ચાલી રહ્યું છે અને અત્યારના રૂા. ૧૫૭૪વાળો શેર હજી થોડો ઘટે અને એક તબક્કે રૂા. ૧૫૨૪ સુધી નીચો આવે તે સંભાવના મજબૂત છે. વોરન બફેટ દ્વારા કોટક બેંકમાં રોકાણ કરવામાં આવ્યું છે તે સમાચાર બજારમાં ચર્ચાય છે અને ઓફિસિયલ જાહેરાત આવે ત્યારે તેની જોરદાર અસર જોવા મળશે.

મુહૂર્તના સોદામાં **ફેડરલ બેંક**નો રૂા. ૮૦વાળો શેર પકડી લેવાનું ગયા અંકમાં તેમજ યુ-ટ્યૂબ ચેનલ ઉપર અમે દર્શાવેલું. ફેડરલ બેંક અત્યારે રૂા. ૮૩.૮૦ ઉપર આવી ગયો છે અને કરેકશન પૂરું કરીને ધીમા સુધારા સાથે રૂા.૯૦ તરફ આગળ વધે તેવી ગણતરી છે. જ્યારે મધ્યમગાળે આ શેરમાં રૂા. ૧૧૦નો ભાવ જોવા મળવાની ગણતરી.

આ તબક્કે **આઈડીએફસી ફર્સ્ટ બેંક**નો શેર ખાસ ધ્યાનમાં રાખવો અને દિવાળી અંકમાં પકડી લેવાનું દર્શાવેલું. રૂા. ૪૦થી વધીને રૂા. ૪૫ ઉપર તો આવી ગયો છે અને બેંકે જે રીતે કરવેરાની જોગવાઈ અગાઉ રૂા. ૧૦૦ કરોડનો નફો બતાવ્યો છે તે જોતા ગણતરીના દિવસોમાં જ આ શેરમાં રૂા. ૫૪નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે અને ત્રણ વર્ષના એન્ગલથી લેવામાં આવે તો વધારે જોરદાર રિટર્ન મળી શકશે.

**યસ બેંક**ના શેરે છેલ્લા ૧૦ દિવસમાં ખૂબ તોતીંગ ઉછાળો દર્શાવ્યો અને રૂા. ૫૧-૫૨ વચ્ચે પડી રહેલો યસ બેંક અત્યારે રૂા. ૭૦-૭૧ ઉપર આવી ગયો છે અને તેમાં વિદેશી ઈન્વેસ્ટરો






દ્વારા મોટું મૂડીરોકાણ થઈ રહ્યું છે તેમ જ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ અંગે આ બેંક જંગી ધિરાણ આપશે તે બે સમાચારોનો સપોર્ટ આ શેરને મળી ગયો. અત્યારના રૂા. ૭૦વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૭૭નો ભાવ આવે તેવી સંભાવના છે અને તેથી શોર્ટટર્મ તેમજ બે વર્ષના એન્ગલથી રોકાણ કરી દેવાય.

**આરબીએલ બેંક** તરફના સેન્ટીમેન્ટમાં પણ નોંધપાત્ર સુધારો જોવાયો છે. એમ જોઈએ તો આગલા વર્ષની સરખામણીમાં નેટનફામાં ઘટાડો છે અને મુખ્યત્વે ટોપલાઈન ખૂબ જ વધી છે અને સાથે સાથે નેટ વ્યાજ આવકોમાં પણ મોટો ઉછાળો છે પરંતુ બેંકના અમૂક પૈસા ત્રણ-ચાર એકાઉન્ટમાં ફસાયા છે અને તે અંગે મોટી જોગવાઈ કરી દેવાઈ હોવાથી આરબીએલ બેંકનો શેર અત્યારે ઘટાડો દર્શાવે છે. તેમ છતાં મેનેજમેન્ટના દર્શાવ્યા મુજબ જરૂર કરતા વધારે જોગવાઈ કરી દેવાઈ છે અને તેથી સ્પષ્ટ અપટ્રેન્ડ નફાશક્તિમાં જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૦ના સમયગાળામાં જોઈ શકાશે. અત્યારના રૂા. ૩૧૦ના ભાવે આરબીએલ બેંકનો શેર કવર કરી દેવાય અને બાવન અઠવાડિયામાં અગાઉ આ શેરે રૂા. ૭૦૦ ઉપરનો ભાવ બતાવ્યો હતો અને તે બાવન અઠવાડિયાનું ટોપ સંવત ૨૦૭૬માં ફરી વખત જોવા મળશે તેવી ગણતરી છે.

**ઇન્ડસઇન્ડ બેંક**નો શેર છેલ્લા એક મહિનાથી ઘટાડાના તબક્કામાં હતો અને હવે તે તબક્કો પૂરો થયો છે અત્યારે રૂા. ૧૩૧૩ ઉપર મળી રહ્યો આ શેર હવે અપટ્રેન્ડમાં દાખલ થયો છે અને આવતા એક મહિનામાં ઘણું જ સુંદર રિટર્ન આપી શકશે.

એક-બે મહિનાના એન્ગલથી **એક્સિસ બેંક**નો શેર પણ લઈને મૂકી દેવાય. નફાશક્તિનો ટ્રેન્ડ પોઝિટિવ છે. અત્યારના રૂા. ૭૩૬ના ભાવના આ શેરમાં જોખમ નહિવત. ઉપરમાં ઝડપી ઉછાળે રૂા. ૭૭૭ અને તે પછી રૂા. ૮૦૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે. વધારે નહિ તો પાંચ કે દસ શેર લઈને મૂકી દેવાય.

સરકારી બેંક શેરોમાં પણ જોરદાર તેજી શરૂ થઈ ગઈ છે અને નાની-મોટી તમામ બેંકોના સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા ઘણા જ સારા છે. ટોપલાઈન અને ઓપરેટીંગ નફાના ટ્રેન્ડ જોરદાર છે પરંતુ અગાઉની જંગી એનપીએને કારણે નેટ લેવલ ઉપર હજી નુકસાન આવ્યે જોયા છે અને હજી થોડા ક્વાર્ટર આવશે. તેમ છતાં પણ જે રીતે આ કંપનીઓની કામગીરી સુધરી છે તે જોતા પીએસયુ બેંક શેરો આવતા બે મહિનામાં તમને સુંદર રિટર્ન આપી શકશે અને તેમાં સ્ટેટ બેંક ઉપરાંત રૂા. ૬૫ના ભાવે મળતો **પંજાબ નેશનલ બેંક**નો શેર ખાસ તમારા ધ્યાનમાં રાખવો. એમ પણ અત્યારે પંજાબ નેશનલ બેંક દેશની બીજા નંબરની સૌથી મોટી બેંક તરીકે સ્થાન ધરાવે છે. અન્ય બે બેંક સાથેના મર્જર પછી પરિસ્થિતિ વધારે મજબૂત બનશે. અત્યારે રૂા. ૬૫-૬૬ વચ્ચે મળી રહેલા આ શેરમાં આવતા થોડા અઠવાડિયામાં જ રૂા. ૭૦ અને તે પછી રૂા. ૭૭નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

તેવી જ રીતે રૂા. ૫૭ના ભાવે મળી રહેલો **બેંક ઓફ બરોડા**નો શેર પણ હવે મજબૂત તેજીમાં દાખલ થયો છે અને આ શેરમાં અત્યારે જે રીતે માલ કવર થઈ રહ્યો છે તે જોતા નજીકના એક કે બે અઠવાડિયામાં ભડકો થઈ જાય તેવી ગણતરી છે. જોત જોતામાં રૂા. ૧૦ની નોટ આપી જવાની ગણતરી અને તેથી બેંક ઓફ બરોડા પણ આ ભાવે ધ્યાનમાં રખાય.

**ધનલક્ષ્મી બેંક**ના સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા પણ ખૂબ સુંદર આવ્યા છે અને સતત પાંચ ક્વાર્ટરથી આ બેંક પણ નફો બતાવી રહી છે. ધનલક્ષ્મીમાં અત્યારે રૂા. ૧૬-૧૭નો ભાવ ચાલી રહ્યો છે અને બેંક દ્વારા છેલ્લા ૧૨ મહિનામાં રૂા. ત્રણની શેરદીઠ કમાણી દર્શાવાઈ છે. આમ ૫.૩૬ના પીઈરેશિયો ઉપર મળી રહેલો આ શેર તદ્દન મફત છે અને તેમાં બાવન અઠવાડિયામાં તો રૂા. ૨૧નું ટોપ બન્યું હતું અને તે ટોપ ફરી વખત જોવા મળશે તે દૃષ્ટિકોણ રાખીએ તો પણ અત્યારના ભાવથી રૂા. ૫ એટલે કે ૩૨-૩૩ ટકાનું રિટર્ન થયું પરંતુ મારો અંદાજ છે કે આ શેર આ વખતે રૂા. ૨૮-૩૦નો ભાવ ૧૨ મહિને બતાવી દેશે. અત્યારના ભાવથી લગભગ ૯૦-૧૦૦ ટકાનું રિટર્ન થઈ ગયું અને આ ભાવે જોખમ નહિવત છે. ધનલક્ષ્મી બેંકમાં બુકવેલ્યૂ કરતા પણ ભાવ અડધો છે અને તેથી ૫૦૦ શેર, ૧૦૦૦ શેર યથાશક્તિ લઈને મૂકી દેવાય. કમાવ ત્યારે ચાણક્યની ઓફિસમાં મીઠાઈનું બોક્સની રકમ બાજુ ઉપર રાખીને બાકીના નફામાં મજા કરવી.

**બેંક ઓફ મહારાષ્ટ્ર**નો શેર પણ ખાસ ધ્યાન ખેંચે છે અને નાણામંત્રાલયે બેંક ઓફ મહારાષ્ટ્રનું મર્જર અન્ય કોઈ બેંક સાથે નથી કર્યું અને તે બાબત જ તેની સારી કામગીરીનો સંકેત છે અને અત્યારના બોટમથી સહેજ ઉપરના ભાવે આ શેર લઈને મૂકી દેવાય.

**જમ્મુ-કાશ્મીર બેંક**નો શેર પણ આ વખતે ધ્યાનમાં રાખવો. કલમ ૩૭૦ અંગે જે ધમાલ ચાલતી હતી તે ધીરે ધીરે ઠંડી પડી છે પરંતુ ચૂપચાપ અસરકારક કામ કરી રહેલા અમિત શાહ જમ્મુ-કાશ્મીરને ઝડપથી બેઠું કરવા માટે સક્રિય છે અને તેનો જોરદાર ફાયદો જમ્મુ-કાશ્મીર બેંકના શેર ઉપર પણ જોઈ શકાશે. અત્યારે બે મહિના પછી પણ આ શેર ભલે રૂા. ૩૩-૩૪ ઉપર પડી રહ્યો હોય પરંતુ તેમાં નાનું રોકાણ કરી દેવાય અને જોતજોતામાં જોરદાર રિટર્ન આપી જશે.

એવો જ એક જોરદાર લગડી શેર **સાઉથ ઇન્ડિયન બેંક**નો શેર અને આ શેર પણ અત્યારે રૂા. ૧૧.૫૫ ઉપર આવ્યો છે. દિવાળી અંકમાં આ શેર લેવાની વાત કરી હતી. જોતજોતામાં રૂા. ૧૫નો ભાવ બતાવી દેશે. વાસ્તવમાં તો આ શેર રૂા. ૨૪ના ભાવને લાયક છે અને તેથી પોતાની લાયકાત મુજબ ચોક્કસ પ્રકાશવાનો. અત્યારના ભાવથી લગભગ ડબલ રકમ થઈ જશે અને સામે પક્ષે ૧૦ ટકાનું જોખમ અને આ શેરમાં પણ યથાશક્તિ રોકાણ કરીને મૂકી દેજો.

## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, સંવત ૨૦૭૬માં સેન્સેક્ષ અને નિફ્ટીમાં તોતીંગ ઉછાળો. નિફ્ટી ભલે થોડો થાક ખાય પરંતુ બેંક નિફ્ટી તમને ગાંડા કરી નાખશે. અત્યારે લીધાનું પુણ્ય છે તે યાદ રાખજો.
- **યસ બેંક**, પરિણામો સંતોષકારક પરંતુ અન્ય ડેવલપમેન્ટ વધારે જોરદાર, રૂા. ૭૦વાળા આ શેરમાં શોર્ટટર્મમાં જ રૂા. ૯૦-૧૧૦ના ભાવની સંભાવના મજબૂત છે. જોખમ બધામાં હોય તેટલું યાદ રાખીને ૧૦૦-૨૦૦ શેર લઈને મૂકી દેજો.
- **ભારત પેટ્રોલિયમ**, થોડા દિવસો ઠંડો રહ્યા પછી ફરી એક વખત આ શેર તેજીમાં, અત્યારના રૂા. ૫૨૭ના ભાવે નાનું રોકાણ કરી દેવાય. અને આગામી દિવસોમાં ડિસઈન્વેસ્ટમેન્ટ અંગેની જાહેરાત આવતા તોતીંગ ઉછાળો જોવાય. જોતજોતામાં રૂા. ૬૦૦ પ્લસ ભાવની ગણતરી.
- **રિલાયન્સ**, છેલ્લા ત્રણ અંકથી ભેગા કરવાનું દર્શાવીએ છીએ. રૂા. ૧૪૬૪ તો આવી ગયો અને હવે દોડવાનું કામ બીજાને સોંપીને થોડા દિવસ આરામ કરશે. એક વર્ષના ઈન્વેસ્ટમેન્ટની રીતે જાળવી શકાય.
- **સ્ટેટ બેંક**, પરિણામનો ખૂબ સુંદર સપોર્ટ અને એનપીએમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ. રૂા. ૩૧૨ના ભાવે જાળવી રખાય. આગામી દિવસોમાં ધીમા સુધારા સાથે રૂા. ૩૪૦-૩૫૦ના ભાવની ગણતરી.
- **ટેક મહિન્દ્રા**, કંપનીની નફાશક્તિમાં નોંધપાત્ર સુધારો, અત્યારે રૂા. ૭૨૯ના ભાવે મળી રહ્યો છે અને ટ્રેન્ડ હજી પણ મજબૂત તેજીતરફી, આગામી દિવસોમાં રૂા. ૭૭૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.
- **ટાઈટન**, લગ્ને-લગ્ને કુંવારો એ મુહાવરો ટાઈટને બરાબર પકડી લીધો છે. અને આ વખતના દશેરા અને દિવાળીમાં ભલે અન્ય ઝવેરીની હાલત ઠંડી હોય પરંતુ ટાઈટનની દુકાનોમાં વેચાણો જોરદાર થયા. સોના કે ચાંદીના સિક્કા અને કિફાયતી રેન્જના દાગીનાના વેચાણો જોરદાર છે. રૂા. ૧૩૩૧વાળો શેર હજી પણ મજબૂત તેજીના તબક્કામાં, અને કદાચ આગામી એક-બે મહિનામાં જોરદાર રિટર્ન આપી જાય. નફો બુક કરવા તલપાપડ નહિ થતા.
- **આઈસીઆઈસીઆઈ બેંક**, હજી






પણ બેંકની નફાશક્તિ નબળી, તેમ છતાં એનપીએમાં ઉછાળાનો ટ્રેન્ડ અટક્યો છે અને તે પાસું મુંબઈના ખેલાડીઓને ગમ્યું. રૂા. ૪૬૩ ઉપર આવી ગયેલા આ શેરમાં આગામી દિવસોમાં મજબૂત ઉછાળાની જગ્યા. રોકાણ જાળવી રખાય. જોતજોતામાં રૂા. ૫૦૦ કૂદાવીને રૂા. ૫૫૦ તરફ આગળ વધવાનો.
- **બજાજ ફિનાન્સ**, આ વખતના તહેવારોમાં કન્ઝ્યુમર ધિરાણો જોરદાર થયા. થોડું કામકાજ ઓછું રહ્યું પરંતુ મોનોપોલી પોઝિશન ઉપર છે અને તેથી નફો સુંદર આપે, રૂા. ૪૦૦૦ કૂદાવીને રૂા. ૪૦૨૭ના ભાવે જાળવી રાખવો. અને આગામી દિવસોમાં હજી આ શેરમાં બ્રેક વગરની ગાડી દોડ્યા કરે.
- **એચડીએફસી બેંક**, અત્યારે બીજા શેરો ઉજવણીના મૂડમાં અને તેથી એચડીએફસી બેંક એક સાઈડ ઉપર ઊભો રહીને જોયા કરે છે. હજી પણ થોડા દિવસ જોશે પરંતુ રૂા. ૧૨૩૦ના ટૂંકી વધઘટના આ તબક્કામાં થોડા-થોડા શેરો ભેગા કરતા જજો. ઘટશે પણ ખરો અને તેથી વધારે સારા ભાવે ખરીદવાનો ચાન્સ મળશે. ૧૨ મહિને અફલાતૂન રિટર્ન આપી જાય.
- **અદાણી પોર્ટ**, આ શેરમાં પણ અત્યારે શોર્ટટર્મ ટ્રેન્ડ નબળો અને તેમાં પણ ફૂલતેજીના આ બજારમાં ભાવ ઘટતો જોવા મળવાની સંભાવના. રૂા. ૩૯૬ ઉપર તો આવ્યો છે. વધારે ઘટીને રૂા. ૩૮૨ થઈ જાય તો પણ નવાઈ નહિ લાગે અને વધારે ઘટીને રૂા. ૩૭૭-૩૭૦ થાય તો બીજા થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **ટીસીએસ**, ઈન્ફોસીસ ઠંડો પડ્યો તો આ શેરે દોડવાનું શરૂ કર્યું. રૂા. ૨૨૭૦ના ભાવે આકર્ષક અને શોર્ટટર્મમાં જ રૂા. ૧૦૦ની નોટ આપી જવાની ગણતરી. થોડાક શેરો શોર્ટટર્મ માટે લઈને મૂકી શકાય. ઈન્વેસ્ટમેન્ટ માટે તો કહેવાનું જ ન હોય.
- **નેસ્લે ઇન્ડિયા**, હરિફો આવવા છતાં નેસકાફે અને મેગી પોતપોતાની કેટેગરીમાં મોનોપોલી પોઝિશન ઉપર, અને આ વખતે નેસ્લેમાં બમ્પર નફો આવવાની તૈયારી, રૂા. ૧૪૯૪૭ના ભાવે જાળવો, રૂા. ૧૫૯૪૭ જોતજોતામાં બતાવે.





**DYNAMIC INDUSTRIES LIMITED**
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23
CIN : L24110GJ1989PLC011989
Email : cs@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૧૩મી નવેમ્બર,૨૦૧૯,બુધવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/અર્ધવાર્ષિક સમયગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
દિપકકુમારચોકસી
મેનેજિંગ ડિરેક્ટર
Din : 00536345

સ્થળ: અમદાવાદ
તારીખ :૦૫ નવેમ્બર,૨૦૧૯

**પ્રતીક્ષા કેમિકલ્સ લિમિટેડ**
ત્રીજોમાળ,એચ.કે.કોમ્પલેક્સ,ધરણીધરદેરાસર પાસે,
પાલડી,અમદાવાદ-૩૮૦૦૦૭
CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in
PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**નોટિસ**

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૭ અન્વયે નોટિસને પાઠવવામાં આવે છે કે તા.૧૪-૧૧-૨૦૧૯,ગુરુવારનાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ ઉપર ના રજિસ્ટર્ડઓફિસના સરનામે મળશે. જેમાં ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૯ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક તથા અર્ધવાર્ષિક ગાળાનાં અનઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે.

બોર્ડઑફ ડાયરેક્ટર્સના હુકમ થી
પ્રતીક્ષા કેમિકલ્સ લિમિટેડ માટે
સહી/
Mr.Jayesh Patel
Director
( DIN-00401109)

તારીખ:૦૪.૧૧.૨૦૧૯
સ્થળ :અમદાવાદ

**રેડેક્સ પ્રોટેક લિમિટેડ**
Regd. Office: પહેલો માળ,કોર્પોરેટ હાઉસ નં-૩,પાર્શ્વનાથ બિઝનેસ પાર્ક, પ્રહલાદનગર ગાર્ડન પાસે,એસ.જી.હાઈવે,અમદાવાદ-૩૮૦૦૧૪
CIN : L31100GJ1991PLC016557 www.redexprotech.com
PH : 079-29700120 EMAIL : redex_92@yahoo.in

**નોટિસ**

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૭ અન્વયે નોટિસ પાઠવવામાં આવે છે કે તા.૧૨-૧૧-૨૦૧૯,મંગળવારના રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ ઉપરના રજિસ્ટર્ડ ઓફિસ ના સરનામે મળશે. જેમાં ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૯ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક તથા અર્ધવાર્ષિકગાળાના અનઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે.

બોર્ડઑફ ડાયરેક્ટર્સના હુકમ થી
રેડેક્સ પ્રોટેક લિમિટેડ માટે
સહી/-
Mr. Gnanesh Bhagat
Managing Director
(DIN : 00115076)

તારીખ:૪-૧૧-૨૦૧૯
સ્થળ:અમદાવાદ